| PUBLICATION NAME : | Kesari |
| --- | --- |
| EDITION : | Junagadh |
| DATE : | 30/12/2021 |
| PAGE : | 7 |

# આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા, અમદાવાદને અટલ રેન્કિંગ ઓફ ઇન્સ્ટિટ્યૂશન્સ ઓન ઇનોવેશન અચિવમેન્ટ્સ - ૨૦૨૧ હેઠળ જનરલ કેટેગરી (નોન-ટેકિનકલ) કેટેગરીમાં પ્રથમ ક્રમ અપાયો

(ગૌરવ ખત્રી દ્વારા)

અમદાવાદ તા.૨૯

ઈડીઆઈઆઈને અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ ઓન ઈનોવેશન અચિવમેન્ટ્સ – ૨૦૨૧ હેઠળજનરલ (નોન-ટેકિનકલ) કેટેગરીમાંપ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. ભારત સરકારના શિક્ષણ રાજ્યમંત્રી ડો. સુભાષ સરકાર દ્વારા આજે રેન્કિંગના પરિણામો જાહેર કરાયા હતાં.



ARIIA હેઠળ સંસ્થાઓને વૈશ્વિક સ્તરે સ્વિકાર્ય સૂચકાંકો સંબંધિત ઈનોવેશન ઉપર ક્રમાંકિત કરવામાં આવે છે. આ સૂચકાંકોમાં સફળ ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ્સ અને ફંડિંગ ઈનોવેશન તેમજ સ્ટાર્ટ-અપ્સ, ઈન્ટલેક્યુઅલ પ્રોપર્ટી, ટેક્નોલોજી ટ્રાન્સફર અને કમર્શિયલાઈઝેશન, ઈનોવેશનને પ્રમોટ અને સહયોગ કરવા ખર્ચ કરાયેલા વાર્ષિક બજેટ અને ઉદ્યોગ સાહસિકતાની પ્રવૃત્તિઓ, આઈપીઆર પ્રવૃત્તિઓ, પ્રી ઈન્ક્યુબેશન અને ઈન્ક્યુબેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈનોવેશન ઉપરના અભ્યાસક્રમ, આઈપીઆર અને ઉદ્યોગ સાહસિકતાના વિકાસ સામેલ છે.

જનરલ (નોન-ટેકિનકલ) કેટેગરીમાં ઈડીઆઈઆઈને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. ઈડીઆઈઆઈ ગુજરાતમાંથી એકમાત્ર સંસ્થા છે કે જેણે તમામ સાત કેટેગરીમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. દેશભરમાંથી કુલ ૧૪૩૦ સંસ્થાઓ / યુનિવર્સિટીઝે આ રેન્કિંગમાં વિવિધ સાત કેટેગરીમાં ભાગ લીધો હતો.

ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "આ વાસ્તવમાં અમારા માટે ગૌરવની વાત છે. ઈડીઆઈઆઈ ઉદ્યોગ સાહસિકતા અને સ્ટાર્ટ-અપ્સના આશાસ્પદ ડોમેનમાં કામ કરી રહ્યું છે. આ સ્વિકાર્યતાથી અમને પ્રોત્સાહન મળવાની સાથે-સાથે તે કેવી રીતે ઉદ્યોગ સાહસિકતા પ્રધાન્ય મેળવી રહ્યું છે તેને સૂચવે છે. ઈડીઆઈઆઈના પૂર્વ વિદ્યાર્થીઓ ઉદાહરણ છે કે કેવી રીતે ઉદ્યોગ સાહસિકતાનો અભ્યાસ કરી શકાય તથા તે કારકિર્દી તરીકે સફળતાપૂર્વક અપનાવી શકાય છે. ઈડીઆઈઆઈ ખાતે ટેક્નોલોજી બિઝનેસ સેન્ટર (ક્રેડલ) સફળ સ્ટાર્ટ-અપ્સને ઈન્ક્યુબેટ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. હું કહીશ કે અમે ખૂબજ પ્રોત્સાહિત છીએ અને વધુ ઉપલબ્ધિ હાંસલ કરવાની આશા રાખીએ છીએ."

ઈડીઆઈઆઈ ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ આંત્રાપ્રિન્યોરશીપ એજ્યુકેશનના પ્રોફેસર અને ડાયરેક્ટર ડો. સત્યા રંજન આચાર્ય સંસ્થાની ઈનોવેશન કાઉન્સિલ, ભારત સરકારના શિક્ષણ મંત્રાલય સાથે મળીને ઉદ્યોગ સાહસિકતા શિક્ષણ ક્ષેત્રે કામ કરી રહ્યાં છે.